પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

## -: <u>જાહેરનામું</u> :-

<u>ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:</u>

ક્રમાંક: વિ.શા./ એ-સેકશન-પરમીટ/C.C.T.V કેમેરા-જાહેરનામું/૧૦૭ /૨૦૨૧ તા.૧૭/૦૮/૨૦૨૧

<u>વંચાણે લીધા:-</u> (૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ , અમદાવાદ શહેર, નાઓના જાવક પત્ર ક્રમાંક:જી/ ૭૨૫/ ના.પો.કમિ./ક્રાઇમ/૮૭૧/ ૨૦૨૧ તા.૦૯/૦૮/૨૦૨૧ તથા;

(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૭ અમદાવાદ શહેર, નાઓના જાવક પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૭ /આર.બી/૩૬૪૫/૨૦૨૧ તા.૧૪/૦૮/૨૦૨૧ આધારે.

અમદાવાદ શહેરમાં ભુતકાળમાં આતંકવાદી તત્વો દ્વારા અલગ-અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી મોટી જાનહાની તથા મિલકતની હાની કરવામાં આવેલ. ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અનુસાર આવી ઘટનાઓની શક્યતાઓ ભવિષ્યમાં પણ રહેલી છે.

ઉપરાંત શહેરમાં વિભિન્ન પ્રકારના લુંટ, ધાડ જેવા ગુનાઓ પણ બનતા હોય છે. જાહેર સ્થળોમાં લગાડવામાં આવેલ સી.સી.ટી.વી.કેમેરા આંતકવાદી પ્રવૃતિઓ તેમજ ગુનાઓ નિવારવા, ગુનાઓ શોધવા તથા ઇન્વેસ્ટીગેશનમાં ઉપયોગી અને મહત્વની કડીરૂપ બને છે.

જેથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં અનુક્રમે નીચે મુજબની જગ્યાઓ ઉપર સી.સી.ટી.વી.કેમેરા ગોઠવવા આથી હુકમ કરુ છું:

(૧) જવેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, શોપીંગ મોલ્સ/ મલ્ટીપ્લેક્ષ થિયેટર્સ/ કોમર્શીયલ સેન્ટર/ થ્રીસ્ટારથી ઉપરની હોટલો ઉપર સીક્યુરીટીને ધ્યાને લઇ પ્રવેશ દ્વાર ઉપર સિક્યુરીટી ગાર્ડ/ મેટલ ડીટેકટર તથા સી.સી.ટી.વી. કેમેરાની ગોઠવણી કરવી. તેમજ આ જગ્યાઓના પાર્કીંગ/ ભોયરૂં/ તમામ માળ ઉપર સીક્યુરીટી ગાર્ડ અને સી.સી.ટી.વી. કેમેરાની ગોઠવણી કરવી જેમાં, **Image-colour, Image sensor 1/3" minimum, Support-TCP/IP and remote monitoring, Resolution-600 TVL Min, Compression-H.264/MJPEG, System data storage-15 days min., With Back light compensation and night vision capability** વાળા સી.સી.ટી.વી.કેમેરા ગોઠવવા.

(૨) ૧૦ થી વધુ સંખ્યામાં બેઠક ધરાવતાં રેસ્ટોરન્ટ/ ગેસ્ટ હાઉસ/ લોજીંગ બોર્ડીંગ/ ધર્મશાળા/ અતિથિ ગૃહ/ વિશ્રામગૃહ/ કોમર્શીયલ સેન્ટર/ પેટ્રોલપંપ/ ટોલપ્લાઝા/ બહુમાળી બિલ્ડીંગ/ પાવર હાઉસ વિગેરે ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાડવા.

(૩) ઉપર દર્શાવેલ જગ્યામાં પ્રવેશ થતી ગાડીઓનાં નંબર તથા વ્યકિતઓના ચહેરા સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરાની ગોઠવણી કરવી. સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગની જાળવણી દિન-૧૫ સુધી સંગ્રહ કરવી.

(૪) ધર્મશાળાના સંચાલકોએ ધાર્મિક સ્થળોની ધર્મશાળાઓમાં મુસાફરોની જરૂરી આઇ.ડી., એડ્રેસ, મુલાકાતનું કારણ તથા ખાનગી વાહનનાં રજીસ્ટ્રેશન નંબરોની રજીસ્ટરમાં જરૂરી નોંધ કરી મુસાફરોને ઉતારો આપવો.

(૫) તમામ સી.સી.ટી.વી કેમેરાઓના માલિકો/ સંચાલકો/ વ્યવસ્થાપકોએ તેઓના હસ્તકના તમામ સી.સી.ટી.વી કેમેરાઓમાં ચોક્કસ ( Accurate ) તારીખ તથા ( Indian Standard time ) ભારતીય માનક સમયાનુસાર ચોક્કસ ( Accurate ) સમય સેટ કરવો.

આ હુકમ તા.૧૯/૦૮/૨૦૨૧ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૭/૧૦/૨૦૨૧ ના કલાક ૨૪/૦૦ સુધી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

**-: વિસ્તાર:-**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-: જાહેર વિજ્ઞાપન :-**

તમામને વ્યકિતગત રીતે નોટીસોની બજવણી કરવી શક્ય ન હોઇ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂં તેવી જાહેર જગ્યાઓએ નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશનર, નાયબ પોલીસ કમિશનર તથા પોલીસ કમિશનર કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

**-:શિક્ષા:-**

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.૧૬/૦૮/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :-**

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.

(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.

(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ શહેર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીકશાખા,

(૧૭) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી. અમદાવાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઇન્ટે.), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર. (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) મ.પો.કમિ.શ્રી એસ.ઓ.જી., અમદાવાદ શહેર.

(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૬) પો.સબ.ઇન્સ.શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website) ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)